# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-12-2025 Day: Saturday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## વસ્તી ગણતરી

**કેન્દ્રીય મંત્રી મંડળે 2027 ની વસ્તી ગણતરી માટે 11 હજાર 718 કરોડ રૂપિયાના બજેટને મંજૂરી આપી છે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઇકાલે નવી દિલ્હીમાં પત્રકારોને જણાવ્યું હતું કે, 2027 ની વસ્તી ગણતરી બે તબક્કામાં હાથ ધરવામાં આવશે. આ દેશમાં 16 મી અને સ્વતંત્રતા પછીની 8મી ગણતરી હશે. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ વખતે જાતિગત વસ્તી ગણતરી પણ હાથ ધરાશે. શ્રી વૈષ્ણવે ઉમેર્યું આ પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરી હશે. આ કાર્ય માટે 30 લાખ કર્મચારીઓને તૈનાત કરાશે.**

**------------------------------------------------------------------------------------------**

## મતગણતરી

પ્રધાનમંત્રી ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને કેરળ સહિત આઠ રાજ્યોમાં મતદાર યાદીઓના ખાસ સઘન સુધારાની દેખરેખ માટે ખાસ નિરીક્ષકોની નિમણૂક કરી છે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે આ નિરીક્ષકોએ તેમનું કાર્ય શરૂ કરી દીધું છે અને આવતા વર્ષે ફેબ્રુઆરીમાં મતદાર યાદી જાહેર ન થાય ત્યાં સુધી દર અઠવાડિયામાં બે દિવસ આ રાજ્યોમાં હાજર રહેશે.

**------------------------------------------------------------------------------------------**

## ઓપન યુનિવર્સિટી

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રાદેશિક કેન્દ્ર ભુજ દ્વારા યુનિવર્સિટીના કુલગુરુ ડો. અમી ઉપાધ્યાયની પ્રેરણાથી ભુજ ખાતે નવા પ્રવેશિત 2025-26 ની બેચના વિદ્યાર્થીઓ માટે અભિમુખતા બેઠક યોજાઇ હતી. જેમાં પ્રાદેશિક કેન્દ્રના 124 વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------

## શાળા સમય

હાલ કચ્છમાં શિયાળાની ઠંડીની તીવ્રતા વધી રહી હોવાથી કચ્છની તમામ શાળાનો સમય આગામી સોમવાર તા.16મીથી અડધો કલાક મોડો કરાયો છે. જિલ્લા શિક્ષણ કચેરી દ્વારા બહાર પડાયેલા પરિપત્ર મુજબ હાલ વહેલી સવારે ઠંડીનું પ્રમાણ વધી ગયું છે અને હજુયે ઠંડી વધવાની સંભાવનાએ વિદ્યાર્થીઓને શાળામાં આવવા સરળતા રહે તે હેતુથી અન્ય સૂચના ન મળે, ત્યાં સુધી આગામી સોમવારથી શાળાનો સમય 30 મિનિટ મોડો કરવા સૂચના અપાઈ હોવાનું જણાવી તમામ સરકારી, અનુદાનિત અને ખાનગી શાળાઓએ અમલ કરવાનો રહેશે તેવું જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## સ્પોર્ટ્સ

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત- ગાંધીનગર દ્વારા સંચાલિત જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ ઊંચાઇના સ્કૂલ યોજના અંતર્ગત ઊંચાઇના આધારે તા. 1 જાન્યુઆરી 2011 પછી જન્મેલા ભાઇઓ અને બહેનો માટે પસંદગી પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું છે. ભાઇઓ માટે 173 સે.મી. કે તેથી વધુ તેમજ બહેનો માટે 163 કે તેથી વધુના હાઇટ હન્ટના માપદંડો રહેશે. પૂર્વ કચ્છના ખેલાડીઓએ તા. 18 અને 19 ડિસેમ્બર-25ના રમત-ગમત સંકુલ, રામબાગ રોડ, ઓમ સિનેપ્લેક્સની પાછળ, ગાંધીધામ ખાતે તેમજ પશ્ચિમ કચ્છના ખેલાડીઓએ 18 અને 19 ડિસેમ્બર-25ના માધાપર રમત સંકુલ, કચ્છમિત્ર સર્કલ પાસે, રામનગરી પ્રાથમિક શાળા સામે, માધાપર ખાતે જન્મતારીખનો દાખલો અને આધારકાર્ડના પુરાવા સાથે સવારે 10થી 1 ઉપસ્થિત

રહેવું. વધુ માહિતી બાબતે માધાપર માટે ભીમભાઇ બાપોદરા મો. 99098 84205, ગાંધીધામ માટે ગોવિંદભાઇ ભરવાડ મો. 94088 11456નો સંપર્ક કરવો.

-----------------------------------------------------------------------------------------

## હવામાન

માગશર મહિનો અડધો વીતી ચૂક્યો છે, ત્યારે કચ્છમાં ધીમા ડગલે ઠંડીએ પોતાની પકડ જમાવવાની શરૂઆત કરી છે. કચ્છી કાશ્મીર  નલિયામાં પારો ગગડીને 8.8 ડિગ્રીએ પહોંચતાં વર્તમાન શિયાળાની સિઝનનો સૌથી ઠંડો દિવસ અનુભવાયો હતો. દિવસ-રાતના તાપમાનમાં 16થી  23 ડિગ્રીના મોટા તફાવતથી વિષમતા જોવા મળી હતી. ગુરુવારે વર્તમાન સિઝનમાં પ્રથમવાર લઘુતમ પારો ડબલ આંકમાંથી એકલ આંકમાં પહોંચ્યો હતો. ખાસ કરીને વહેલી સવારે ઠંડી સાથે ઠારનો અનુભવ થતાં નલિયા સહિત પશ્ચિમ કચ્છનો મોટા ભાગનો વિસ્તાર ટાઢકથી થરથર્યો હતો. ઠંડીથી બચવા માટે લોકોએ પરંપરાગત તાપણાનો સહારો લીધો હતો. અંજાર-ગાંધીધામમાં 10.9 અને ભુજ તેમજ કંડલા પોર્ટમાં 14.5 ડિગ્રીએ સવારના ભાગે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો.

-----------------------------------------------------------------------------------------